ક્રમાંક: બમશ/૧૧૨૦૨૧/૧૧૦૨/ગ
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૭/૧૧/૨૦૨૧.

પ્રતિ,
ઉપસચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

વિષય: ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક અને પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની બદલીના નિયમોમાં બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓનો સમાવેશ કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, સામાન્ય વહિવટ વિભાગ દ્વારા તા.૧૬/૧૦/૨૦૨૧ના પરિપત્ર ક્રમાંક: ટીઆરએફ/૧૦૨૦૨૧/૪૩૯૭૪૭/ગ-૨ થી સામાન્ય વહિવટ વિભાગની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ જાહેર હિત, વહીવટી જરૂરીયાતો તથા કામના હિતને પ્રાધાન્ય આપીને શક્ય હોય ત્યાં સુધી પતિ પત્નીને એક જ સ્થળે રાખવા અંગેના તેમજ દિવ્યાંગોની બદલી અંગેના માર્ગદર્શક સિદ્ધાંતોનું સર્વે વિભાગોને પાલન કરવા સૂચનાઓ પરિપત્રિત કરેલ છે. આ પરિપત્રમાં "રાજ્ય સરકારના બોર્ડ, કોર્પોરેશન, અનુદાનિત સંસ્થાઓમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીની નોકરી મોટેભાગે બિન-બદલીપાત્ર હોય છે, આવા સંજોગોમાં પતિ કે પત્ની, જો રાજ્ય કે પંચાયત સેવામાં ફરજ બજાવતા હોય તો તેમને બદલીથી અથવા સમકક્ષ જગ્યા ઉપર પ્રતિનિયુક્તિથી એક જ સ્થળે/નજીકના સ્થળે નિમણૂંક આપવાની વિચારણા કરવાની રહેશે. આ પ્રકારે બદલી/પ્રતિનિયુક્તિથી નિમણૂંક કરતા પહેલા સક્ષમ સત્તાધિકારીએ જાહેર હિત વહિવટી જરૂરીયાત અને કામગીરીને પ્રાધાન્ય આપવાનું રહેશે" તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

વિભાગના તા.૧૮/૦૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક થી રાજ્યની ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક અને પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની બદલીના નિયમોમાં પતિ કે પત્ની શિક્ષક કે શિક્ષિકાની નોકરી કરતા હોય ત્યારે તેમના પત્ની કે પતિ ગુજરાત સરકારના અન્ય ખાતાં, પંચાયત સેવા, ભારત સરકારના ખાતા, ગુજરાત સરકારના બોર્ડ કોર્પોરેશન કે ભારત સરકારના બોર્ડ, કોર્પોરેશન કે ભારત સરકારના બોર્ડ કોર્પોરેશનમાં નોકરી કરતા હોય તો તે બંનેને પણ શિક્ષક દંપતિના ધોરણે અગ્રતા આપીને બદલીનો લાભ આપી શકાશે તેવી જોગવાઈ દાખલ કરવામાં આવેલ છે. આ જોગવાઈમાં રાજ્યની ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક અને પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક તરીકે ફરજ બજાવતાં શિક્ષક કે શિક્ષિકાના પતિ કે પત્ની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફરજ બજાવતાં હોય તો તેમનો સમાવેશ કરવામાં આવેલ નથી.

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહિવટી કર્મચારી દ્વારા તા.૨૩/૧૦/૨૦૨૧ના પત્રથી(નકલ સામેલ ) સામાન્ય વહિવટ વિભાગના તા.૧૬/૧૦/૨૦૨૧ના પરિપત્રનો લાભ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને આપવા રજૂઆત કરેલ છે. આથી, સામાન્ય વહિવટ વિભાગ દ્વારા

તા.૧૬/૧૦/૨૦૨૧ના પરિપત્રથી કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લઈ, તા.૧૮/૦૨/૨૦૧૪ના ઠરાવમાં સુધારો કરી ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક અને પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકના પતિ કે પત્ની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતાં હોય તો તેઓને પણ બદલીનો લાભ આપવા અંગે નિયમાનુસારની વિચારણા કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

બિડાણ: ઉપર મુજબ

(એસ.વી.ગઢવી)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

**નકલ રવાના:-**

- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહિવટી કર્મચારી સંઘ મહામંડળ, શ્રી જે.બી,શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ, મુ.પો.તા.મોડાસા, જિ.અરવલ્લી તરફ જાણ સારૂ.